ગાંધીનગર સમાચાર

## કડાદરાની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ






ગામડામાં ધબકતું આપણું ગ્રામજીવન રૂપકડું અને સજીવડું છે. ગુજરાતના અખંડ અને અતુટ સંસ્કાર-પ્રવાહને અભિવૃદ્ધ કરવામાં અનુચિત જાતિની તુરી-બારોટ સમાજનો ઉલ્લેખ સહુ પહેલા કરવો ઘટે. સમગ્ર ગુજરાતમાં વસવાટ કરતા આ કલાજીવી સમાજે ગુર્જર ખંડના લોકજીવનની ફૂલછાપને સદીઓથી મહેંકતી રાખી છે. ગાયન-વાદન-નર્તન અને ભાવનથી ધબકતી એવી ભવાઈની એવી લોકકલાને સદીઓ સુધી જીવંત અને પ્રવાહીત રાખવામાં તુરી-બારોટ સમાજે સંસ્કાર-સજ્જ નાયક કોમની સાથે રહીને ખૂબ મોટુ કામ કર્યું છે.પાટનગર ગાંધીનગર ખાતે સંસ્કૃતિકુંજ પરિસરમાં વસંતોત્સવ કાર્યક્રમના સમાપન બાદ બે દિવસ માટે રાજ્યના તૂરી-બારોટ કલાકારોના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ કલાકારોની લોકગાયિકી, લોકસાહિત્ય અને લોકસંગીતની ઝાંખી થાય છે.આ કલાકારો દ્વારા સનેડો, ભવાઈ, લોકગીત અને દુહા છંદની રમઝટ બોલાવવામાં આવી હતી. તુરી-બારોટ સમાજના કલાકારો દ્વારા બે દિવસ દરમ્યાન મહિસાસુરનો વધ, મેવડો નૃત્ય, વેરાડી-ઝુલણા, બેડા નૃત્ય, સળગતો ગરબો, રાવણ હથ્થો, હાથીનો વેશ, કચ્છી ઘોડી, મરચી નૃત્ય, બહુરૂપી લોકવાદ્ય અને સનેડો જેવી કૃતિઓનું મંથન કલારસિકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

આ કાર્યક્રમને દસાડાના ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત અનુસૂચિત જાતિ, અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ જે. પંડ્યા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી જે.ટી. અખાણી સહિત મોટી સંખ્યામાં તુરી-બારોટ સમાજના લોકો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં વિકાસની ગતિ મંદ પડી છે : નિષ્ણાતો

### કરવેરાની આવકમાં પણ ઘટાડો અને ઘરગથ્થુ ઉત્પાદનમાં પણ ઘટાડો ચિંતાજનક બાબત છે

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં વેરાની આવકમાં ઘટાડાની સાથે ઘરગથ્થુ ઉત્પાદનમાં નોંધાયેલો ઘટાડો એ વિકાસની પ્રક્રિયા મંદ પડી હોવાનું આર્થિક નિષ્ણાતો કહી રહ્યા છે.

રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫-૧૬માં રાજ્ય કરવેરાની રૂ. ૬૮૪૧૬.૪૬ કરોડ રકમનો એકત્રિત કરવા માટે અંદાજ નક્કી કર્યો હતો. પરંતુ આર્થિક વ્યવસ્થામાં મંદીના કારણે વર્ષાંતે રાજ્યની પોતાના કરવેરાની આવકમાં રૂ. ૫૧૦૯ કરોડ રકમ ઓછી એકત્રિત થશે તેવુ સુધારેલ અંદાજે સુચવવામાં આવેલ છે. રાજ્યની વેટની આવકમાં રૂ. ૫૩૦૦ કરોડ રકમ ઓછી એકત્રિત થશે. રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫-૧૬માં વેટથી રૂ. ૪૯૮૦૦ કરોડ રકમ એકત્રિત કરવાનો અંદાજ નક્કી કર્યો હતો પરંતુ વર્ષના અંતે વેટની કુલ આવક ઘટીને રૂ. ૪૪૫૦૦ કરોડ થશે. આમ વેટની આવકમાં ૧૦.૬૪ ટકા રકમ ઓછી મળશે, એ ઉપરાંત આવક અને ખર્ચ પર કરની આવકમાં રૂ. ૪૨ કરોડ, જમીન મહેસૂલની આવકમાં રૂ. ૭૭.૧૧ કરોડ, મનોરંજન કરની આવકમાં રૂ. ૭૭.૯૨ કરોડ અને અન્ય કરવેરાની આવકમાંથી ૫.૭૧ કરોડની આવક ઓછી થશે.

માથાદીઠ રાજ્યનું ચોખ્ખુ ઘર ઘથ્થુ ઉત્પાદનના વૃદ્ધિ દર (સ્થિર ભાવે) પણે પાછલા વર્ષની સરખામણીએ મોટા પાયે ઘટાડો થઈ રહ્યો છે. વર્ષ-૨૦૧૨-૧૩માં માથાદીઠ રાજ્યના ચોખ્ખું ઘર ઘથ્થુ ઉત્પાદનમાં વર્ષ ૨૦૧૧-૧૨ની સરખામણીએ ૧૦.૫ ટકા વૃદ્ધિ દર નોંધાયો, જ્યારે વર્ષ ૨૦૧૩-

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૬ ગ્રીનસિટીમાં હવે નર્મદાનુ પાણી મળશે

### મુખ્યમંત્રીએ વિભાગના ઉચ્ચ અધિકારીઓને બોલાવી સુચના આપી : ગ્રીનસિટીના ૫ હજાર નાગરિકોને પાણીની સમસ્યામાંથી છુટકારો મળશે : પાણી માટે થતો ખર્ચ પણ દસ ઘણો ઘટી જશે : વર્ષો જુની માંગણી સંતોષાતા રહીશોમાં હર્ષની લાગણી

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના સે-૨૬ સ્થિત ગ્રીન સીટી વસાહતમાં દાયકાઓના અંતે હવે નર્મદાનુ પાણી મળશે. આ મામલે સ્થાનિક ધારાસભ્ય તેમજ ગેઝિયા એસોસિએશનની રજુઆતને ધ્યાને લઈ મુખ્યમંત્રીકક્ષાએથી નિર્ણય લેવાતા સોસાયટીના ૯૨૮ જેટલા પરિવારોને સેકટરોની જેમ નર્મદાનુ પાણી મળશે. અત્યારસુધી ગ્રીન સિટીના વસાહતીઓ જી આઈ ડી સીના બોરમાંથી ખાનગી રાહે પાણી પુરવઠો મેળવતા હોવાથી વર્ષે દસ ગણો વધુ ખર્ચ ભોગવવા પડતો હતો. જયારે સરકારના આ નિર્ણયથી રહીશોને રાહત થશે.

ગાંધીનગરમાં હાલ રોજબરોજ ૪૫ થી ૫૫ એમ એલ ડી પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે.જયારે ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી દ્વારા માર્ગ મકાન વિભાગને રૂ ૩ ના દરે આ પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. બીજીતરફ શહેરના જ સે-૨૬

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા દ્વારા આજે ૯.૮૦ કરોડના કામોનુ લોકાર્પણ-ભૂમિપૂજન

### ગુડાના ચેરમેન આશિષ દવે પાણીના સંપ ટાંકી, તેમજ આંગણવાડીના વિવિધ કામોનુ લોકર્પણ તેમજ ભૂમિપૂજન કરશે

ગાંધીનગર તા ૩

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે વાવોલ તેમજ ચિલોડા વિસ્તારમાં રૂ૯.૮૦ કરોડના કામોનુ લોકાર્પણ કરવામાં આવશે. ગુડાના ચેરમેન આશિષ દવે દ્વારા લાયબ્રેરી ,આંગણવાડી તેમજ પાણીના સંપ તેમજ ટાંકીના કામોનુ લાકાર્પણ અને ભુમિપુજન કરવામાં આવશે.

ગુડા દ્વારા આગામી તા ૧૨ માર્ચના રોજ સ્થાપના દિન નિમિત્તે ગુડાની શુભ લાભ આવાસ યોજના ઉપરાંત આંગણવાડીના કામોનુ લોકાપર્ણ કરવામાં આવનાર છે. જયારે આ પુર્વે તા ૪ માર્ચના રોજ પણ ગુડા દ્વારા ગુડાના વાવોલ તેમજ ચિલોડાના ટી પી વિસ્તારમાં વિવિધ કામોનુ ભુમિપુજન તેમજ લોકાર્પણ વિધિ યોજાશે. ગુડા દ્વારા નગર રચના નં-૧૩ વાવોલ અને નગર રચના નં ૧૭ ચિલોડા ખાતે વિવિધ કામોનુ ભુમિપુજન તેમજ લોકાર્પણ કરવામાં આવશે.ચિલોડામાં ટી પી નં-૧૭ ખાતે પ્લોટનં-૧૯૦માં તૈયૌર કરાયેલી એલ આઈ જી આવાસ યોજનાના પ્લોટમાં ૭.૫૦ લાખના ખર્ચે નિર્માણ કરાયેલી આંગણવાડીનુ લોકાર્પણ કરાશે.આંગણવાડીમાં લાઈબ્રેરીનુ પણ આયોજન કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારના ગામોમાં પાણી-ગટરની સમસ્યા નિવારવા ૪ કરોડ ખર્ચાશે

### કોર્પોરેશન દ્વારા પાટનગર યોજના વિભાગને ૪ કરોડ ફળવાતા ટુંકમાં જ કામ શરૂ કરાશે : શહેરના પાંચ ગામોમાં પાણીની પોકારને ડામવા પણ પ્રયાસ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં સમાવિષ્ટ શહેરી વિસ્તારના ગામોમાં પાણી તેમજ ગટરની પાયાની સુવિધાના કામો દાયકાઓના અંતે પણ અપુર્ણ છે. ત્યારે ગટર લાઈનની કામગીરી પણ અધુરી છે. ત્યારે આગામી ટુંક સમયમાં ગ્રામજનોની આ સમસ્યા હળવી થશે. કોર્પોરેશન દ્વારા આ કામગીરી માટે પાંચ ગામોને અનુલક્ષી રૂ ૪ કરોડની રકમ ફાળવી છે. જેમાંથી ગટરલાઈનની અધુરા કામો પુર્ણ કરવા ઉપરાંત પાણીના બોર તેમજ પાઈપલાઈનની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર અને રસ્તા સહીતની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી ગ્રામજનોએ પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે અગાઉ ગામડાઓમાં હાથ ધરાયેલી ગટરલાઈનની કામગીરી દરમિયાન પણ લાઈનનુ કામ પુરુ ન થતા કરોડોના ખર્ચે પર પાણી ફરિ વળ્યુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. ગ્રામ્ય વિસ્તારના વિકાસ અને પાયાની સવલતો પુરી પાડવાના મામલે પાટનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. આ સ્થિતિ વચ્ચે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાલજ બાસણ ઈન્દ્રોડા અને ધોળાકુવા સહીતના ગામોમાં ગ્રામજનોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. સ્થાનિક અગ્રણીઓ તેમજ જિલ્લા અસરગ્રસ્ત ખેડુત મંડળ દ્વારા પણ આ મામલે વારંવાર રજુઆતો કરવામાં આવતી હતી. જયારે બીજીતરફ કોર્પોરેશનની ચુંટણી પણ નજીકમાં છે.ત્યારે ગ્રામજનો પણ લડી લેવાના મુડમાં હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.

શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર સહીતની માળખાગત સુવિધાઓ માટે આખરે કોર્પોરેશને રૂ ૪ કરોડ ફાળવવાનુ નક્કી કરતા ગામડાઓમાં આ સમસ્યાઓ હળવી થશે તેમ મનાઈ રહયુ છે. જેમાં પાણીની પોકારને ડામવા માટે જરૂરી ઠાકાણે નવી પાઈપલાઈન તેમજ પાણીના નવા બોર બનાવવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાશે. કોર્પોરેશન દ્વારા આ કામગીરી માટે પાટનગર યોજના ભવનને રકમ ફાળવી દેવામાં આવશે.

## કડાદરાની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરામાંથી આજે એક ૪૨ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગઈકાલે સાંજે આ મહિલા દર્દીને સ્વાઈન-ફ્લુના શંકાસ્પદ દર્દી તરીકે અમદાવાદ સિવિલ મોકલવામાં આવેલ જ્યાં આજે પરીક્ષણ દરમ્યાન મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયો હતો. દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના અત્યાર સુધીમાં ૧૪ કેસ પોઝીટીવ નોંધાયા છે. જેમાં બેના મોત થયા છે. જ્યારે પાંચ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. પાંચ દર્દી હજુ સારવાર હેઠળ છે.

કડાદરામાં મહિલા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ દરમ્યાન અન્ય કોઈને તાવ કે ફ્લુના શંકાસ્પદ દર્દી મળ્યા નથી.


# જિલ્લામાં બે વર્ષમાં ખનીજ ચોરીના ૩૩ કેસ પકડાયા છે

### ૧૨ પંચાયતોનું વિભાજન કરાયુ છે : કલોલમાં વેટ/વેપાર વેરાની રૂ. ૧૮ કરોડની વસુલાત બાકી છે : ૨૧ ફિડરોનું વિભાજન બે વર્ષમાં કરાયુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ખનીજ ઉત્ખનન માટેની લીઝ અંગે કોંગીના શ્રી બળદેવજી ઠાકોર પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં સાદી રેતી ખનીજની ૧૩ લીઝ આપવામાં આવેલી છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે જે ૧૩ લીઝો આપવામાં આવી છે એમાં ૯ લીઝ ઓક્શન કરવામાં




આવી છે. આ હરાજીને કારણે દહેગામ તાલુકાની અંદર ૯ બ્લોકોમાં આપણને ૪ કરોડ ૨૮ લાખની આવક થઈ છે. જે ચાર લીઝ આપવામાં આવી છે એ એકઝીસ્ટીંગ સિસ્ટમના કારણે, આપણે સીસ્ટમની અંદર જે લોકોએ જૂની અરજી કરી હોય અને જૂની અરજી સીલગ હોય તો આપણે નિયમો પ્રમાણે બે લોકોને મંજૂરી આપીએ છીએ.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે બે-ત્રણ કારણસર લીઝ જૂની હોય એમાં જો રિવીઝનની અરજી આપવી વડે છે. સીંગલ અરજી આવી હોય તો સીંગલ અરજી આપવી પડે છે. એવી માત્ર ૪ લીઝ આપવામાં આવી છે. આ ભારત સરકારનો કાયદો છે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે ૧-૨-૨૦૧૪ થી ૩૧-૧૨-૧૫ દરમ્યાન ૧૪ ઈસમ પકડાયા છે. જે ખનીજ ચોરીના છે. આ ઈસમો પાસેથી રૂ. ૩૨.૯૧ લાખની પેનલ્ટી રિકવર કરવામાં આવી છે.

તા. ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૧૯ કેસમાં રૂ. ૫૫.૭૧ લાખ રીકવર કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૪ કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મિનરલ ઓર્ડીનરી સેન્ડની કિંમત રૂ. ૧ કરોડ ૩૪ લાખ થાય છે. આની અંદર ઈલીગલ એસ્કેવેશનમાં ઈસમોની વાત કરી પણ આ ઉપરાંત બીજા બધા થેપ્ટસની વાત કરીએ ઈલીગલ એસ્કેવેશન સિવાયના તો ગાંધીનગરમાં ૬૦.૫૭ લાખના ૮૯ કેસ કરવામાં આવ્યા છે.

દહેગામના કોંગીના સભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડે એ જાણવા માગ્યુ હતુ કે જે સીઝ ધારકો વારંવાર ખનિજનું ગેરકાયદે ખોદકામ કરતા હોય તો ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એક્ટ હેઠળ ફોજદારી ફરિયાદ કરવાનું બને છે. તો કલમ-૫૩ હેઠળ આ લીઝ ધારકોની લીઝ ૩ માસ માટે રદ કરવાની હોય છે. તો આવા પગલાં લીધા છે કે કેમ ?

મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે કાયદાની જોગવાઈ પ્રમાણે અને જુદા જુદા નિયમો બનાવ્યા એના આધારે જુદી જુદી એક્ટીવીટી થતી હોય એના નિયમો પ્રમાણે પગલાં લઈએ છીએ. માઈનોર હોય તો માઈનોર પગલાં અને મેઝર હોય તો મેઝર પગલાં લેવામાં આવે છે.

ભાજપના શ્રી દુષ્યંત પટેલના એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણે ઈ. ઓક્શન દ્વારા ખુબ પારદર્શકતાથી ઓક્શન કરીએ છીએ. આ અંગે નોટિફિકેશન કરીએ છીએ અને પબ્લીક ડોમેઈનમાં મુકીએ કે આટલા-આટલા બ્લોકમાં આટલી રેતી છે. એન્વાયમેન્ટ ક્લીયરન્સ પણ વિભાગ દ્વારા ઈશ્યુ લીઝના પૂરા કરવામાં આવે છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે ૫ હેક્ટરથી નાની લીઝ હોય એ બધાની મંજૂરી આપણે કલેક્ટર લેવલે આપીએ છીએ અને ૫ હેક્ટરથી વધારે હોય તો વધારે સ્પીડમાં આપણે લોકોનું કામ પૂર્ણ થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવે છે.

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરના પુરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૫-૧૬ ગાંધીનગરની અંદર ટોટલ ૭૮માંથી એક પર પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

અમારા માતૃશ્રી **કુંદનગૌરી શિવકુમાર દવે** તા. ૩/૩/૨૦૧૬ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૪/૩/૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :**
**બી/૫૦૨, શુકનવિલા**
**સરગાસણ ચોકડી સામે,**
**ગાંધીનગર**
**મો. : ૯૭૨૭૯૬૧૪૮૩**
**મો. : ૯૭૭૫૪ ૨૨૨૫૨**
**મો. : ૯૯૨૫૮ ૧૦૭૬૦**

**લી.**
**કમરકિશોર એસ. દવે**
**રાજેશ એસ. દવે**
**રજનીકાન્ત (કેતનભાઈ) એસ. દવે**
**રોહિતભાઈ જી. દવે**
**વિમલભાઈ જી. દવે**

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
**ગાંધીનગર સમાચાર**
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



**બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી **યશવંતરાય બાલાશંકર ભટ્ટ (રીટાયર્ડ જી.ઈ.બી.)** નું તા.૦૩-૦૩-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા.૦૪-૦૩-૧૬ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૬૬૭/૨, ગોલ્ડન પાર્ક સોસાયટી, સે.૩૦, ગાંધીનગર**

**ગં.સ્વ. ઉર્મિલાબેન યશવંતરાય ભટ્ટ**

રૂપલબેન દવે (જી.ઈ.બી.)
જિજ્ઞાસાબેન મહેતા
(ગુજ. રાજ્ય અભિલેખાગાર)
દિપલબેન નાણાવટી (જી.ઈ.બી)

કમલેશભાઈ દવે (જમાઈ)
સુકેતુ મહેતા (જમાઈ)
હિતેશ નાણાવટી (જમાઈ)

**જગ્યા ભાડે આપવાની છે**

**સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર**
**(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ**
**(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ**
**(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ**
**તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦**

**સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮**

**જગ્યા ભાડે આપવાની છે**

**શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ**
**પંપની લાઈનમાં, પેથાપુર**
**ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન**
**માપ : કારપેટ - ૫૫૦ ફૂટ**

**સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮**


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com